# <u>ટૂંકી મુદ્દતનો પ્રશ્ન</u>

**તા.૧૨-૭-૨૦૧૯**

## રાજકોટ જિલ્લામાં નાના બાળકોમાં જોવા મળેલ બ્રુસેલા તાવ

**ટૂં. મુ. -૧૩** શ્રી પુંજાભાઇ વંશ (ઉના): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તાજેતરમાં રાજકોટ જિલ્લામાં પશુઓમાં થતો બ્રુસેલા તાવ નાના બાળકોમાં પણ જોવા મળેલ છે, તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આરોગ્ય વિભાગની ટીમે ક્યારે સ્થળ તપાસ કરી, અને | (૨) | • તા.૦૧.૦૭.૨૦૧૯ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ત્રાકુડા, તા.ગોંડલ, જિ.રાજકોટની ટીમ દ્વારા દર્દીના ગામ હડમતાળાની મુલાકાત લઈ તપાસ કરવામાં આવેલ.<br>• તા.૦૪.૦૭.૨૦૧૯ના રોજ પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટના મેડીસીન, બાળરોગ નિષ્ણાત, પી.એસ.એમ. વિભાગના નિષ્ણાત અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની રેપીડ રીસ્પોન્સ ટીમએ સ્થળ મુલાકાત કરી રોગની વિગતવાર તપાસ કરેલ છે. |
| (3) | નાના બાળકોમાં આ તાવની બીમારી ન ફેલાય તે માટે સરકારે શાં પગલા લીધા ? | (3) | • મેડીકલ ઓફિસરશ્રી, પ્રા.આ.કે. ત્રાકુડા અને આરોગ્યની ટીમો દ્વારા હડમતાળા ગામની ૨૪૫૪ જેટલી વસ્તીમાં ઘરે ઘરે ફરી તાવ અને બ્રુસેલાના અન્ય લક્ષણો ધરાવતા કેસોનું |

પાછળ.....

સર્વેલન્સ કરવામાં આવેલ. જેમાં કોઇ નવો કેસ માલુમ પડેલ નથી.

- દર્દીના કુંટુંબના કુલ-૮ સભ્યોનું દરરોજ તાવ અને અન્ય લક્ષણો અંગે આગામી ૧૫ દિવસ સુધી ફોલોઅપ કરવામાં આવશે.
- આ રોગ પશુઓમાં થતો હોય છે જે મોટેભાગે પશુઓના કાચા દૂધ કે આવા દૂધની બનાવટો આરોગવાથી થાય છે. આથી, ગામના પશુપાલન સાથે સંકળાયેલા લોકોની તા.૦૩.૦૭.૨૦૧૯ના રોજ શિબિર કરી આ રોગના અટકાવ માટે જરૂરી માર્ગદર્શન જેમકે દૂધ ઉકાળીને પીવું, સ્વચ્છતા જાળવવી, પશુઓને રસી મુકાવવી, પશુઓના માંસના સંપર્ક વખતે ગ્લોવ્ઝનો ઉપયોગ કરવો તેમજ મોં ઉપર માસ્ક પહેરવું વગેરે જેવી સૂચનાઓ આપવામાં આવી.
- પશુપાલન વિભાગ દ્વારા હડમતાળા ગામમાં પશુઓમાં રસીકરણ કરી રોગ અટકાયતી પગલા લેવામાં આવેલ છે.
- તા.૦૪.૦૭.૨૦૧૯ના રોજ અગ્ર સચિવશ્રી(જા.આ) અને કમિશ્નરશ્રી(આ) દ્વારા આ રોગ અંગે રાજ્ય કક્ષાના અધિકારીઓ સાથે સમીક્ષા કરવામાં આવી.
- રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા ગામના આગેવાનો સાથે ચર્ચા કરતા તેઓએ ગામમાં છેલ્લા ઘણા વર્ષથી આ પ્રકારના અન્ય કોઇ કેસ ન હોવાનું જણાવેલ.
- તા.૦૫.૦૭.૨૦૧૯ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજકોટ દ્વારા મીડીયાને બ્રીફ કરવામાં આવેલ.

*************************